# National Health Mission

State Programme Management Unit
Commissionerate of Health, Medical Services, National Health Mission
Nr. GMERS Medical College Civil Hospital Campus, 2nd Floor,
Sector – 12, Gandhinagar-382012
Email ID. hr.health.spmu@gmail.com
Phone No. 079 232 47806

## નેશનલ હેલ્થ મિશન માટે જુદા જુદા પ્રકારના વાહનો પુરા પાડવા અંગેનું ટેન્ડર દસ્તાવેજ

ઓનલાઇન ભરેલ દસ્તાવેજોમાં ટેન્ડર ફી/ ઇ.એમ.ડી તેમજ ટેકનીકલ સપોર્ટીંગ દસ્તાવેજો રજી.પો.એ.ડી /સ્પીડ પોસ્ટ /રૂબરૂ
સ્વીકારવાની છેલ્લી તારીખ : તા.૩૦/૦૫/૨૦૧૮ ૧૬.૦૦ કલાક સુધી

| | |
|---|---|
| ઇ.એમ.ડી. | રૂા.૨,૪૦,૦૦૦/- |
| એસ્ટીમેટેડ ટેન્ડર વેલ્યુ | રૂા.૮૦,૦૦,૦૦૦/- |
| ટેન્ડર ફી | રૂા.૫૦૦૦/- |

**નેશનલ હેલ્થ મિશન માટે જુદા જુદા પ્રકારના વાહનો**
**પુરા પાડવા અંગેનું ભાવપત્રક.**

**(૧)પ્રસ્તાવના:-**
**નેશનલ હેલ્થ મિશન**ના રોજ બરોજના વપરાશ માટે જુદા જુદા પ્રકારના વાહનો ભાડે કચેરીની જરૂરીયાત મુજબ દૈનિક/માસિક મંજુર થયેલ ભાવે પુરા પાડવા માટે વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે

**(૨) ભાવ માંગનાર કચેરી:-**
નેશનલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, બીજો માળ, ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર, જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ નજીક, સીવીલ હોસ્પીટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૨ ફોન/ફેક્સ નં ૦૭૯-૨૩૨૪૭૮૦૬

**(૩) કામગીરી અંગેનું સ્થળ :-**
**નેશનલ હેલ્થ મિશન**ના રોજ બરોજના વપરાશ માટે જુદા જુદા પ્રકારના વાહનો ભાડે કચેરીની જરૂરીયાત મુજબ દૈનિક / માસિક મંજુર થયેલ ભાવે સમયમર્યાદામાં કચેરીની જરૂરીયાત મુજબ પુરા પાડવાના રહેશે.

**(૪) કામનું નામ:-**
**નેશનલ હેલ્થ મિશન**ના માટે જુદા જુદા પ્રકારના વાહનો પુરા પાડવા અંગેનું વાર્ષિક ભાવપત્રક.

**(૫) ટેન્ડર પ્રક્રિયાની કાર્યપધ્ધતિ:-**
જુદા જુદા વાહનો પુરા પાડવા બાબતનું ટેન્ડર દસ્તાવેજ કચેરીની વેબસાઇટ www.nrhm.gujarat.gov.in, www.gujhealth.gujarat.giv.in and www.nprocure.com ઉપરથી વિના મુલ્ય ડાઉનલોડ તા.૧૭/૦૪/૨૦૧૮ થી તા.૩૦/૦૫/૨૦૧૮ સુધીમાં કરી શકાશે.

(અ) ટેન્ડર ડાઉનલોડ કરવાનો સમય તા.૧૭/૦૪/૨૦૧૮ થી તા.૩૦/૦૫/૨૦૧૮ સુધી બપોરે ૧૫.૫૫ કલાક સુધી.

(બ) ઓનલાઇન ટેન્ડર સબમીટ કરવાનો સમય તા.૩૦/૦૫/૨૦૧૮ બપોરના ૪.૦૦ કલાક સુધી

(ક) ટેન્ડર દસ્તાવેજો ઓનલાઇન ખોલવાની તા.૩૧/૦૫/૨૦૧૮ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે

૫(૧) ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર ફી તરીકે રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો રાષ્ટ્રીય કૃત શીડયુલ બેંકનો સી.ટી.એસ ડીમાન્ડ ડ્રાફટ, "RCH: REPROD & CHILD HEALTH FLEXIBLE POOL" ના નામનો ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર અથવા મલ્ટીસીટી પેએબલનો ટેન્ડર સાથે અલગ કવરમાં રજુ કરવાનો રહેશે. જેની ઉપર જુદા જુદા વાહનો પુરા પાડવા માટેના ટેન્ડર ફી નું કવર એમ લખવાનું રહેશે.

૫(૨) ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર ફોર્મ સાથે રૂ.૨,૪૦,૦૦૦/- (અંકે રુપિયા બે લાખ ચાલીસ હજાર પુરા) અર્નેસ્ટ મની ડીપોઝીટ સ્વરુપેનો ડ્રાફટ / પે ઓર્ડર / ડીમાન્ડ ડ્રાફટ ‘‘આરસીએચ પ્રોગ્રામ સબ કમીટી સ્ટેટ હેલ્થ સોસાયટી‘‘ ના નામનો બિડાણ કરવાનો રહેશે. અર્નેસ્ટ મની ડીપોઝીટ વગરના ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. તેમજ ટેન્ડર મંજુર થયે શરતો મુજબ સુવિધા પુરી પાડવામાં કે કરારનામુ કરવામાં સબંધિત સંસ્થા નિષ્ફળતા દાખવશે તો સદરહુ અર્નેસ્ટ મનીની રકમ કચેરી ધ્વારા જપ્ત લેવામાં આવશે. જયારે ટેન્ડર કવોલીફાઇડ નહી થનાર સંસ્થાઓને અર્નેસ્ટ મની ૪૫ દિવસ બાદ પરત કરવામાં આવશે.

૫(૩) ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર દસ્તાવેજો એક અલગ કવરમાં મુકવાનાં રહેશે. જેમાં એજન્સીનું નોંધણીનું પ્રમાણપત્ર, આર.સી.બુક, ચાલુ વીમા પોલીસી, પાનકાર્ડ તેમજ અનુભવના દસ્તાવેજો મુકવાના રહેશે. સાથે સાથે આ તમામ દસ્તાવેજો સ્કેન કરી કચેરીની ટેન્ડર દસ્તાવેજના ભાગમાં અપલોડ કરવાનાં રહેશે.અને હાર્ડકોપી ટેન્ડર દસ્તાવેજોનાં કવર ઉપર જુદા જુદા પ્રકારના વાહનો ભાડે રાખવા માટેનાં ટેન્ડર દસ્તાવેજોનું કવર એમ સ્પષ્ટ દર્શાવાનું રહેશે.

૫(૪) ટેન્ડર ફી, ઇએમડી તેમજ ટેન્ડર દસ્તાવેજોના ત્રણ અલગ અલગ કવરો, એક કવરમાં મુકી કવર પર "જુદા જુદા વાહનો ભાડે રાખવા માટેનું ટેન્ડર" એમ લખવાનું રહેશે. આમ આ મુજબનું સંપુર્ણ ટેન્ડર દસ્તાવેજ આ કચેરીને મોડામાં મોડું તા.૩૦/૦૫/૨૦૧૮ ના ૪.૦૦ કલાક સુધીમાં આ કચેરીને રૂબરૂ રજિ. પોસ્ટ એડી/સ્પીડપોસ્ટથી મોકલી આપવાનાં રહેશે.

૫(૫) નિયત તારીખ અને સમયમાં મળેલ ટેન્ડરો ઉપર જ ટેન્ડર પ્રક્રિયા અંતગર્ત આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. નિયત તારીખ અને સમય બાદ મળેલ ટેન્ડર લેઇટ ટેન્ડર તરીકે ગણી તેની

ઉપર કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહી. અને આ રીતે નિયત સમય બાદ મળેલ ટેન્ડર સંબંદિત એજન્સીને મુળ સ્થિતિમાં પરત કરવામાં આવે છે.

૫(૬) ટેન્ડર ભરનાર એજન્સીએ ઓનલાઇન ટેન્ડર ફી, ઇએમડી, ટેન્ડર દસ્તાવેજોના હાર્ડકોપી પાનાં નંબર, ની વિગતો તેમજ ટેન્ડર દસ્તાવેજોના એપેન્ડીક્ષ-બ માં જણાવ્યા મુજબની વિગતના ભાવો ફક્ત ઓનલાઇન ભરવાના રહેશે.

૫(૭) હાર્ડકોપી ટેન્ડર દસ્તાવેજોમાં ટેન્ડર ભરનાર એજન્સીએ ઉપર મુદા ૫(૪) માં જણાવ્યા મુજબના ટેન્ડર અલગ કવરો નિયત સમયમાં કચેરીમાં રૂબરૂ, રજિ.પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી જમા કરાવવાના રહેશે. હાર્ડકોપી ટેન્ડર દસ્તાવેજો સાથે એપેન્ડીક્ષ-બ માં જણાવ્યા મુજબના કોઇ જ ભાવ તેમાં દર્શાવવાના નથી. જે ફકત ઉપર જણાવ્યા મુજબ ઓનલાઇન મુકેલ ટેન્ડર દસ્તાવેજોના એપેન્ડીક્ષ-બ માં જ ભરવાના રહેશે. જો હાર્ડ કોપી ટેન્ડર સાથે એજન્સીએ ભાવ ભરેલ હશે તો આવા ટેન્ડરો રદ થવા પાત્ર ગણાશે. જેની સંબંધિત ટેન્ડરમાં ભાગ લેનાર એજન્સીએ ધ્યાનમાં લેવા અનુરોધ છે.

૫(૮) જુદા જુદા વાહનો પુરા પાડવા માટેનું ટેન્ડર ભરનાર એજન્સીએ ઓનલાઇન ટેન્ડર રજિસ્ટ્રેશન તેમજ ઓનલાઇન વિવિધ ભાવોનો વિગત ભરવા માટે નીચે જણાવેલ સંસ્થાનો સંપર્ક સાધવાનો રહેશે.

મેસર્સ એન-કોર્ડ સોલ્યુશન્સ
એ ડીવીઝન ઓફ જીએનએફસી
૧૦૧, જીએનએફસી, ઇન્ફોટાવર
બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪(ભારત)
ટેલી નં.૯૧/૭૯ ૨૬૮૫૭૩૧૬/૧૭/૧૮
ફેક્ષ નં. ૯૧/૭૯ ૨૬૮૫૭૩૨૧

વેબ સાઇટ:- www.ncodesolution.com

૫(૯) <u>ટેલીફોનથી સંપર્કની વિગત</u>

નેશનલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ,
બીજો માળ, ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર,
જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ નજીક, સીવીલ હોસ્પીટલ કેમ્પસ
સેકટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૨ ફોન/ફેક્સ નં ૦૭૯-૨૩૨૪૭૮૦૬

૫(૧૦) ટેન્ડર દસ્તાવેજની માન્યતા ટેન્ડર દસ્તાવેજો ઓનલાઇન ખુલ્યા તારીખ થી ૬ માસની રહેશે. જેમાં પ્રથમ ટેન્ડર દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. જેમાં પાસ થયેલ એજન્સીઓના ભાવો ખોલવામાં આવશે. જે અંગે સંબંધિત એજન્સીને અત્રેથી જાણ કરવામાં આવશે.

(૬) **ભાવ ભરવાની પધ્ધતિ:-**

ભાવ ભરનાર ઇચ્છુક એજન્સી/ સંસ્થાએ આ સાથે સામેલ રાખેલ શીડયુલ–બી (અંગ્રેજી) ફકત ઓનલાઇન ફોરમેટમાં ભાવો અંદાજીત રકમના ઉંચા અથવા નીચા ભાવો ટકાવારીમાં ભરવાના રહેશે. એટલે કે અત્રેથી આપવામાં આવેલ અંદાજીત ભાવોથી ભાવ ઉંચા અથવા નીચા ટકાવારીમાં ભરવાના રહેશે. આવેલ ભાવો બાબતે જરૂર જણાયે સૌથી ઓછા ભાવવાળી એજન્સી સાથે ભાવો અને શરતો બાબતે નેગોશીએશન કરવામાં આવશે. એજન્સી/સંસ્થાએ કોઇપણ રીતે હાર્ડકોપીમાં ભરવાના નથી, અન્યથા ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(૭) જે એજન્સીના વાહનો પુરા પાડવા અંગેના ભાવો મંજુર થાય તેઓશ્રીએ સીકયોરીટી ડીપોઝીટ પેટે તે એલ-૧ પાર્ટીને અત્રેથી વાહન ભાડે રાખવા માટેનો ઓર્ડર આપવામાં આવશે તેના એસ્ટીમેટેડ ભાવોના વાહન દીઠ ૫% લેખે રાષ્ટ્રીયકૃત બેંક/સીડયુલ બેંકની ફીક્સ ડિપોઝીટ રસીદ (૧ વર્ષની મુદત) /સી.ટી.એસ /ડીમાન્ડ ડ્રાફટ નં અથવા રૂ! ૧૦૦/- ના સ્ટેમ્પ ઉપર બેંક ગેરટી કે જેની મુદત ઇસ્યુ થવા તારીખથી ૧ વર્ષથી ઓછી ન હોવી જોઇએ. જો એજન્સી ધ્વારા સી.ડી.પેટે એફ.ડી આપવામાં આવશે તો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ કરવામાં આવશે. અને વાહનો પુરા પાડવાની કામગીરી અંગે જરૂરી કરારનામુ કરવાનું રહેશે.

(૮) ઉક્ત ભાવોની ટેન્ડર નોટીસ આ ટેન્ડર ડોક્યુમેન્ટનો ભાગ ગણવાનો રહેશે. તે વિગત ધ્યાને લેવાની રહેશે.

(૯) વિવાદ કે તકરાર ઉપસ્થિત થયે અદાલતી કાર્યક્ષેત્ર ગાંધીનગર રહેશે.

**(૧૦) અન્ય શરતો**

(૧) કચેરીમાં પુરુ પાડવાનું વાહન સારી અને ચાલુ કંડીશનમાં હોવું જોઇએ અને તા.૧/૦૪/૨૦૧૬ પછી ખરીદાયેલ હોવું જોઇએ.

(૨) ડ્રાઇવર અનુભવી, કુશળ, હોશિયાર અને માન્ય લાયસન્સ ધરાવતો હોવો જોઇએ અને તેને ઓફીસનો કર્મચારી ગણવામાં આવશે નહી. લાયસન્સ તથા રહેઠાણ અંગેનો પુરાવાની ઝેરોક્ષ નકલ જે તે કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૩) મંજુર થયેલ ભાવ ઉપર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર જી.એસ.ટી. ટેક્ષ અલગથી ચુકવવામાં આવશે. વાહન કરારના સમયગાળા દરમ્યાન ભાવ વધારો આપવામાં આવશે નહિં સિવાય કે સરકારશ્રીના હાલના પ્રવર્તમાન જી.એસ.ટી. ટેક્ષના દરમાં વધારો થશે તો તફાવત મુજબનું ચુકવણું મળવાપાત્ર થશે.

(૪) વાહનની જાળવણી સ્વચ્છ અને ચાલુ કંડીશનવાળી સ્થિતિમાં રાખવાની રહેશે. વાહનનું રીપેરીંગ સર્વીસીંગ, ડ્રાઇવરનો પગાર, ટોલટેક્ષ તથા તમામ પ્રકારના ટેક્ષ, વીમો તથા અન્ય બીજા ખર્ચાઓ વાહન પુરુ પાડનાર એજન્સીએ ભોગવવાના રહેશે.

(૫) આકસ્મિક સંજોગોમાં જરૂર પડે વાહન રજાના દિવસે પણ ઉપલબ્ધ કરાવવાનું રહેશે અને આકસ્મિક વાહન બગડે તો એક કલાકની અંદર બીજા વૈકલ્પિક વાહનની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે. કોઇ સંજોગોમાં એજન્સી ધ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં ન આવે તેવા સમયે લેવાયેલ અન્ય વાહનનો ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૬) એજન્સી સાથે કરાર થયા મુજબની નક્કી કરેલ મુદત (સમય મર્યાદા) રહેશે. જેમાં વધારો/ઘટાડો કચેરી ધ્વારા જરૂરિયાતને આધિન કરવામાં આવશે.

(૭) ટેન્ડર દસ્તાવેજ રૂબરૂ રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી/સ્પીડપોસ્ટથી જ સ્વીકારવામાં આવશે.

(૮) ઉપરોક્ત મુજબની શરતોએ એજન્સી વાહનો પુરા પાડવાની સેવામાં નિષ્ફળ જશે તો નિયમ મુજબ ભાવપત્રક રદ બાતલ કરવાની અબાધિત સત્તા અત્રેની કચેરીની રહેશે.

(૯) નેશનલ હેલ્થ મીશન, ગાંધીનગર હસ્તકની કોઇપણ શાખા ધ્વારા જરૂરીયાત મુજબ વાહનો ભાડે રાખવામાં આવશે તથા તે શાખા ધ્વારા બીલનું ચુકવણું કરવામાં આવશે.

(૧૦) કોઇપણ ભાવ મંજુર યા નામંજુર કરવાની સર્વ સત્તા ખાતા પાસે અબાધિત રહેશે.

(૧૧) એજન્સી ધ્વારા કરારનામાની કોઇપણ શરતોને ભંગ કરવામાં આવશે તો ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે તથા કોઇપણ જાતની પુર્વ જાણ વગર કરાર રદ કરવામાં આવશે.

(૧૨) કી.મી.ની ગણતરી વાહન ઉપયોગ કરનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીના ડેસ્ટીનેશન (હેડ કવાર્ટસ) થી ગણવાના રહેશે.

(૧૩) મહિનો પુરો થયા પછી ઇજારદારશ્રી તરફથી રજુ થયેલ બીલ લોગબુક સાથે ખરાઇ કર્યા બાદ ચુકવણું કરવામાં આવશે.

(૧૪) ભાડે આપવામાં આવેલ વાહન નેશનલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, બીજો માળ, ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર, જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ નજીક, સીવીલ હોસ્પીટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૨ ના કંપાઉન્ડથી વાહન વપરાશ દરમિયાન અન્ય સ્થળે હશે અને તેમાં કોઇ નુકશાની થશે તો તે તમામ જવાબદારી વાહન પુરૂ પાડનાર એજન્સીની રહેશે.

(૧૫) ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર દસ્તાવેજના દરેક પાના ઉપર એજન્સીના સિક્કા સાથે સહી કરવાની રહેશે, સાથે સાથે એજન્સીએ ટેન્ડર સંલગ્ન તમામ દસ્તાવેજો સ્વપ્રમાણિત કરવાના રહે છે.

(૧૬) વાહન ચાલકે વાહન હંકારતી વખતે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે તેમજ વાહનને કોઇ નુકશાન ન થાય તે રીતે વાહન હંકારવાનું રહેશે.

(૧૭) વાહનો આરોગ્ય સેવાઓ માટે ભાડેથી રાખવાના હોય ગવર્મેન્ટ ઓફ ગુજરાતના તમામ કચેરી દિવસો દરમ્યાન ફરજીયાત, જાહેર રજાના દિવસો દરમ્યાન તથા આ કચેરી દ્વારા જ્યારે પણ (દિવસે અથવા રાત્રે) વાહન મંગાવવામાં આવે ત્યારે વાહન બીનચુક અને સમયસર માંગ્યા મુજબના સ્થળે પંહોચાડવાનું રહેશે.

(૧૮) વાહન ચાલકોનો ગૃપ/પર્સનલ એક્સીડન્ટ પોલીસી હેઠળ જરુરી વિમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૧૯) એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર વાહન ચાલકો દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપુર્વક તથા અન્ય કોઇ કોરણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સરકારી વાહનને નુકશાન એજન્સી ભરપાઇ કરવા જવાબદાર રહેશે. સરકારે ભોગવવાનં થતું તમામ નુકશાન એજન્સી ભરપાઇ કરવા બંધાયેલ છે. તેમજ કચેરી ધ્વારા વાહન હંકારનારની બેજવાબદાર/ગેર વર્તણૂકની ફરિયાદ થયે વાહન હંકારનારને તત્કાલ બદલી આપવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૨૦) દરેક વાહન હંકારનારનો ઇતિહાસ (ચાલચલગત) અંગત વિગતો, વ્યક્તિગત પોલીસ તપાસનો અહેવાલ તેમજ સંલગ્ન તમામ બાબતો એજન્સી દ્વારા સંપુર્ણપણે ખરાઇ કર્યા બાદ જ એજન્સીએ વાહન હંકારનાર પુરા પાડવાના રહેશે. સદરહુ બાબતે જરુર પડે ચકાસણી બાદ યોગ્ય જણાય તે વ્યક્તિને વાહન હંકારનાર તરીકે કચેરી હાજર કરશે.

(૨૧) વાહન હંકારનાર પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પ્લાનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે સક્ષમ સત્તા/કચેરી કોઇપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી. કરાર અન્વયે વાહન સુવિધા (વાહન હંકારનારની સેવા સાથે) અને વાહન હંકારનારની સેવા પુરી પાડવા મુકેલા વાહન હંકારનારને સંબંધીત કાયદા અને નિયમોની જોગવાઇ અનુસાર વેતન

ચુકવવાની જવાબદારી સંપુર્ણપણે એજન્સીની રહેશે.

(૨૨) જે વાહન પુરુ પાડવામાં આવશે તે વાહન સમગ્ર કરાર દરમ્યાન ચાલુ રાખવાનું રહેશે. જો વાહન બદલવામાં આવે તો તેની એક માસ અગાઉ જાણ કરવાની રહેશે.

(૨૩) દરેક વાહન સારી સ્થિતિમાં ચાલી શકે તે માટે જરુરી સમારકામ કરાવવાની તેમજ વાહનમાં દાગીના નાખવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે, તેમજ વાહન હંમેશા સારી કન્ડીશનમાં રહે, તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

(૨૪) કચેરી ખાતે પુરા પાડવામાં આવેલ તમામ વાહનોનો કોમ્પ્રીહેન્સીવ પેસેન્જર સહિતનો અકસ્માત વીમો ઉતરાવેલ હોવો જોઇએ. તેમજ તે અંગે ભરેલ પ્રિમિયમની વિગત પુરાવા સહિત જે તે કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. તેમજ સદરહું પોલીસી પુરી થાય તે પહેલાં સમય મર્યાદામાં તે પુનઃજીવીત (રીન્યુ) કરાવી લેવાની રહેશે અને તે અંગેની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહશે. અકસ્માતના સંજોગોમાં તમામ પ્રકારના વળતરની જવાબદારી એજન્સીની રહેશે તથા તેને સંલગ્ન કોર્ટ/કચેરી ખર્ચ પણ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૨૫) કરારના સમય દરમ્યાન એજન્સીના વાહનથી અકસ્માત થાય અને કચેરીની માલ મિલકતને નુકશાની થાય તેમજ જાનમાલની નુકશાની થાય તેવા કિસ્સામાં નુકશાનીની રકમ અને અકસ્માત વળતરની રકમ ચૂકવવાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. એજન્સી આમ કરવામાં નિષ્ફળ જશે તો ત્રણ મહિનાના અંતે આ રકમ એજન્સીના બીલમાંથી વસુલ કરવામાં આવશે.

(૨૬) એજન્સી ધ્વારા પુરા પડાયેલ વાહનમાં “પ્રાથમીક ઉપચાર બોક્ષ” સુસજ્જ કંડીશનમાં રાખવાનું રહેશે. વાહનમાં પાણીનો જગ, ગ્લાસ વગેરે રાખવાના રહેશે. વાહન હંકારનારે યુનીફોર્મ પહેરવાનો રહેશે.

(૨૭) કોઇપણ કારણસર મહિનામાં જેટલા દિવસો એજન્સીનું વાહન ઉપલબ્ધ નહી હોય તેટલા દિવસનું દોઢુ ભાડુ એજન્સીના બિલમાંથી વસુલી લેવામાં આવશે.

(૨૮) કરારના સમય દરમ્યાન કચેરીને વધારના વાહનની જરુરીયાત હશે, તેવા કિસ્સામાં વધારાના વાહન માટે પણ ટેન્ડરમાં જણાવ્યા મુજબની શરતો અને બોલીઓ લાગુ પડશે, જો નિયત સમય મર્યાદામાં એજન્સી વાહન પુરા પાડવા અસમર્થ હશે તો કચેરીને અન્યત્રથી વાહન મેળવવાની સત્તા રહેશે.

(૨૯) વાહનનો ઉપયોગ કરવા માટે વાહન ચાલકે લોગબુક રાખી ઉપયોગ કરનારની સહી મેળવી લેવાની રહેશે તથા બીલ સાથે લોગબુકની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે, તે સિવાય બીલની ચુકવણી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહિ. (લોગબુકમાં વાહન આપવાનો સમય, પરત મળ્યાનો સમય કી.મી.ની નોંધ રાખવાની રહેશે.)

(૩૦) સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનીટ દ્વારા ભાડેથી રાખેલ વાહન માટે સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનીટ, ગાંધીનગર ખાતે રીપોર્ટીંગ કરવાનું રહેશે તેમજ પ્રોજેક્ટ ઓફીસરશ્રી SPMU (એન.એચ.એમ.) દ્વારા સુચવેલ અધિકારીશ્રી સાથે જવાનું રહેશે.

(૩૧) માસીક/દૈનિક કરારથી રાખવામાં આવનાર વાહન ઉપર વાહન ચાલક (ડ્રાઇવર) ભણેલો તથા એક જ રાખવાનો રહેશે, વારંવાર ડ્રાયવર બદલવાનો રહેશે નહિ.

(૩૨) આ કરાર બિન તબદીલીપાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહી અને સક્ષમ સત્તા/કચેરીના પૂર્વ મંજુરી સિવાય એજન્સી અન્ય કોઇ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહીં. અથવા આ કરારની અન્ય કોઇ બાબત એજન્સીને તબદીલ કરી શકશે નહીં. '

(૩૩) કરાર સમય પૂર્ણ થયા બાદ મંજુર થયેલ ભાવે જરૂર જણાશે તો વધુ ત્રણ માસ માટે વાહન ચાલુ રાખવામાં આવશે.

(૩૪) પૂરા પાડવામાં આવેલ વાહનોનો કરાર કરારનામું થયાની તારીખથી એક વર્ષ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતીથી વધુ એક વર્ષ માટે કરાર લંબાવી શકાશે.

(૩૫) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પુરી પાડવામાં નિષ્ફળ નીવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીક્યોરીટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે. અને તેની સેવાઓ સમાપ્ત કરાશે, જે માટે તેને એક માસની લેખિત નોટિસ આપવામાં આવશે. કચેરી આ કારણે થયેલ ખર્ચ, નુકશાન કે અન્ય કોઇપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહીં.

(૩૬) આ ઉપરાંત આ કરારમાં કોઇપણ જોગવાઇ હોય તેમ છતા કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/કચેરી એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકાશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઇ વળતર આપવામાં આવશે નહીં

(૩૭) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઇચ્છતી ન હોય તો તેણે ૩ માસની નોટિસ આપવી પડશે, તે પરિસ્થીતીમાં તેની સિક્યોરીટી ડીપોઝિટ જપ્ત કરવામાં આવશે.

(૩૮) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઇ હક્ક /દાવો રહેશે નહી.

(૩૯) આમ છતાં એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે. દરમ્યાનમાં સંબંધીત કચેરીએ નવી એજન્સી નક્કી કરવાની પ્રક્રીયા ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે. દરમ્યાનમાં સંબંધીત કચેરીએ નવી એજન્સી નક્કી કરવાની પ્રક્રીયા ત્રણ માસની સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

(૪૦) વાહનનું ટેક્ષી પાસીંગ હોવુ જરૂરી છે તથા જરૂરીયાત જણાય ત્યારે અત્રેની કચેરીની સુચના મુજબ પ્રાઇવેટ પાસીંગ વાહન પૂરુ પાડવાનું રહેશે.

(૪૧) ભાડેથી રાખેલ વાહનના રજુ થયેલ બીલો એસ.ટી. નંબર, સી.એસ.ટી. નંબર તથા ઇન્કમટેક્ષ (પાન નં) નંબર વાળા હોવા ફરજીયાત છે.

(૪૨) કચેરીએ વાહન સુવિધા એજન્સીને ON CALL – માંગણી મુજબ, માંગણી સમયે વાહન પુરા પાડવાની શરત રાખવાની રહેશે.

(૪૩) વાહનનું PUC હોવુ જરૂરી છે.

એજન્સીની સહી તથા સિક્કો

## પરિશિષ્ટ-૨

### વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે/અને વાહન હંકારનારની સેવા પૂર્વ લાયકાત ફોર્મ )

ટેન્ડર રજુ કરવાની વિગતોઃ-

૧. એજન્સીનું નામ તથા સરનામું* :

૨ વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન નંબર* :

૩. માલીક / ભાગીદારોના નામ/ સરનામું* :

ફોટા (કુલ મુખત્યાર)

૪. ટેલીફોન નંબર એજન્સી/ માલીક/

ફેક્સ નંબર અને ઇમેઇલ નંબર :

૫. વ્યવસાયમાં જોડાયાનું વર્ષ :

૬. જીએસટી રજી. નંબર* :

૭. પ્રોવીડન્ટ ફંડ / ઇએસઆઇ નંબર* :

૮. છેલ્લા ત્રણ વર્ષના વાર્ષીક ટર્ન ઓવરની વિગતો* :

**(લઘુતમ સરેરાશ- રૂ. લાખમાં ઓછામાં ઓછુ ૭૦ લાખ રૂપિયા વર્ષ દિઠ, તથા ટર્ન ઓવરની**

**CA ધ્વારા કરવામાં આવેલ ઑડીટની કોપી સામેલ રાખવી)***

(અ) વર્ષ ૨૦૧૬-૧૭ :

(બ) વર્ષ ૨૦૧૫-૧૬ :

(ક) વર્ષ ૨૦૧૪-૧૫ :

૯. છેલ્લા ત્રણ વર્ષના વસર્વિસ ટેક્ષ ભર્યાનાં પ્રમાણપત્ર * :

૧૦. હાલ અથવા અગાઉ જે કંપની સંસ્થાની કામગીરી કરતા હોય તેની વિગતો. *

સરકારી / અર્ધસરકારી જાહેર સાહસ / બેંક / હોસ્પીટલ / સહકારી સંસ્થા / ઔધ્યોગીક કંપની / હોટલ, ઇત્યાદિ.

| ક્રમ | સંસ્થા / કંપનીનું નામ, સરનામું, ટેલીફોન / મોબાઇલ નંબર | કરારનો સમય ક્યાંથી ક્યાં સુધી | વાર્ષીક કરારની રકમ | પુરી પડેલી સેવાઓની વિગત / સંખ્યા |
|---|---|---|---|---|
| | | | | |

(સંસ્થાનું સંતોષકારક કામગીરીનુ  પત્રક *  સામેલ કરવુ )

૧૧. આવક વેરા હેઠળ નોંધાયેલ PAN નંબર * :

૧૨. વાહન હંકારવાની સેવા સુવીધા :

એજન્સીની પોતાની તથા ભાગીદારીના  માલીકીના તા.૧.૧.૨૦૧૬ પછીના રજીસ્ટ્રેશન થયેલા વાહનોની સંખ્યા* :

પત્રક-૧ મુજબની માહિતી આપવી

વાહન હંકારનારની સંખ્યા* :

હંકારનાર લાયસન્સ ધરાવે છે ? * :

(* ફરજીયાત)

(૧૨) પુર્વ ઇતીહાસ સ્વચ્છ છે ? :

નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી /

પોલીસ- કોર્ટ રેકર્ડ પર કેસ નથી

તેનું બાંહેધરી પત્ર છે ?/

**નોંધઃ-** ઉક્ત વિગતોની ફોટોનકલ / સંદર્ભ પત્ર / સક્ષમ સત્તાના પ્રમાણ પત્ર અચુક રજુ કરવાં. જે વીના ટેન્ડર વીચારણામાં લેવાશે નહી.

### એજન્સી પાસેના પોતાની માલીકીના વાહનોની માહીતી દર્શાવતુ પત્રક

(૧) રજીસ્ટ્રેશન નંબર તેમજ તારીખ :

(૨) કંપનીનું નામ :

(૩) મોડેલ :

(૪) વાહનનાં માલીકનું નામ :

(૫) રજીસ્ટ્રેશન તારીખ અને નંબર :

(૬) વાહનોનો ટેક્ષ ભર્યાની વિગત :

(૭) અકસ્માત વિમા : કંપની/પોલીસી નંબર/વેલીડીટી :

(૮) ટેક્ષી પરમીટ લેવામાં આવી હોય તો તેની વિગત :

(૯) ટેક્ષી પરમીટ રીન્યુ કરાવવાની વિગત :

**નોંધઃ**

૧. ઉપરોક્ત જણાવેલ (૧) થી (૯) મુદ્દાની માહીતી પ્રત્યેક વાહન માટે ઉપર મુજબ અલગ શીટમાં આપવાની રહેશે.

૨. વાહનનું રજીસ્ટ્રેશન બુક, ટેક્ષી પાસીંગ સર્ટીફીકેટ, વીમાની પોલીસી તેમજ રસ્તા પરમીટની નકલ લાયકાત ફોર્મ સાથે બિડાણ કરવાની રહેશે.

૩. દરેક વાહનનું રજીસ્ટ્રેશન / પાસીંગ એજન્સીના માલીકના નામનું જ Taxi Passing હોવું જોઇશે.

૪. તમામ વાહન તા.૧-૧-૨૦૧૬ પછીના જ RTO પાસીંગના હોવા જોઇએ.

કોન્ટ્રાક્ટરના સહી સીક્કા

Name of work:- Provide the Rate for Different type of Vehicle for NHM at Gandhinagar/Ahmedabad

| SR NO | QTY. | DESCRIPTION OF ITEM | ESTIMATED RATE | | UNIT |
|---|---|---|---|---|---|
| | | | IN FIGURE RS. | IN WORDS RS. | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1 | Used up to 2000 km Local/out Rate per Month | | | | |
| | 1.00 | (A) Innova A.C. | 37990 | Rs. Thirty seven Thousand nine Hundred ninety only | Km |
| | 1.00 | (B) Innova Non A.C. | 35025 | Rs. Thirty Five housand Twenty Five only | Km |
| | 1.00 | (C) Indigo A.C. | 24630 | Rs. Twenty Four Thousand Six Hundred Thirty only | Km |
| | 1.00 | (D) Indigo Non A.C. | 24080 | Rs. Twenty Four Thousand Eighty only | Km |
| | 1.00 | (E) Tata Sumo Non A.C. | 26190 | Rs. Twenty Six Thousand One Hundred Ninety Only | Km |
| | 1.00 | (F) Bolero Non A.C. | 27365 | Rs. Twenty Seven Thousand three Hundred Sixty Five only | Km |
| | 1.00 | (G) EEco/Omini Non A.C. | 20250 | Rs. Twenty Thousand Two Hundred Fifty only | Km |
| | 1.00 | (H) Indica Non A.C. | 23890 | Rsw. Twenty three Thousand Eight Hundred ninety only | Km |
| 2 | Used up to 2500 Km Local/ out Rate per Month | | | | |
| | 1.00 | (A) Innova A.C. | 41590 | Rs. Forty One Thousand Five Hundred Ninety Only | Km |
| | 1.00 | (B) Innova Non A.C. | 39950 | Rs. Thirty Nine Thousand Nine Hundred Fifty only | Km |
| | 1.00 | (C) Indigo A.C. | 26820 | Rs. Twenty Six Thousand Eight Hundred Twenty only | Km |
| | 1.00 | (D) Indigo Non A.C. | 26820 | Rs. Twenty Six Thousand Eight Hundred Twenty only | Km |
| | 1.00 | (E) Tata Sumo Non A.C. | 29480 | Rs. Twenty Nine Thousand Four Hundred Eighty only | Km |
| | 1.00 | (F) Bolero Non A.C. | 30570 | Rs. Thirty Thousand Five hundred Seventy only | Km |
| | 1.00 | (G) EEco/Omini Non A.C. | 22110 | RS. Twenty Two Thousand One Hundred Ten only | Km |
| | 1.00 | (H) Indica Non A.C. | 25720 | Rs. Twenty Five Thousand Twenty only | Km |
| 3 | Above 2500/2000/ km & Above every Km per Rate | | | | |
| | 1.00 | (A) Innova A.C. | 10.49 | Rs. Ten rupees forty nine paisa | Km |
| | 1.00 | (B) Innova Non A.C. | 9.69 | Rs. Nine rupees sixty nine paisa | Km |
| | 1.00 | (C) Indigo A.C. | 8.98 | Rs. Eight rupees ninety eight paisa | Km |
| | 1.00 | (D) Indigo Non A.C. | 7.98 | Rs.seven rupees ninety eight paisa | Km |
| | 1.00 | (E) Tata Sumo Non A.C. | 8.98 | Rs. Eight rupees ninety eight paisa | Km |
| | 1.00 | (F) Bolero Non A.C. | 9.00 | Rs. Nine Only | Km |
| | 1.00 | (G) EEco/Omini Non A.C. | 7.00 | Rs. Seven Only | Km |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | 1.00 | (H) Indica Non A.C. | 7.00 | Rs. Seven Only | Km |
| 4 | Daily up to 250 Km Local/out (Day & Night Half) per Km. | | | | |
| | 1.00 | (A) Innova A.C. | 3285 | Rs. Three Thousand Two Hundred Eighty Five Only | Km |
| | 1.00 | (B) Innova Non A.C. | 3175 | RS. Three Thousand One Hundred Seventy Five Only | Km |
| | 1.00 | (C) Indigo A.C. | 2070 | RS. Two Thousand Seventy only | Km |
| | 1.00 | (D) Indigo Non A.C. | 1920 | Rs. One Thousand Nine Hundred Twenty only | Km |
| | 1.00 | (E) Tata Sumo Non A.C. | 2465 | Rs. Two Thousand Four Hundred Sixty Five only | Km |
| | 1.00 | (F) Bolero Non A.C. | 2465 | Rs. Two Thousand Four Hundred Sixty Five only | Km |
| | 1.00 | (G) EEco/Omini Non A.C. | 1915 | Rs. One Thousand Nine Hundred Fifteen only | Km |
| | 1.00 | (H) Indica Non A.C. | 1810 | Rs. One Thousand Eight Hundred Ten Only | Km |
| 5 | Above 250 Km & Above every Km per Rate | | | | |
| | 1.00 | (A) Innova A.C. | 11.00 | Rs. Eleven Only | Km |
| | 1.00 | (B) Innova Non A.C. | 10.00 | Rs. Ten Only | Km |
| | 1.00 | (C) Indigo A.C. | 9.00 | Rs. Nine Only | Km |
| | 1.00 | (D) Indigo Non A.C. | 8.00 | Rs. Eight Only | Km |
| | 1.00 | (E) Tata Sumo Non A.C. | 9.00 | Rs. Nine Only | Km |
| | 1.00 | (F) Bolero Non A.C. | 9.00 | Rs. Nine Only | Km |
| | 1.00 | (G) EEco/Omini Non A.C. | 7.00 | Rs. Seven Only | Km |
| | 1.00 | (H) Indica Non A.C. | 7.00 | Rs. Seven Only | Km |
| | | | | | |
| 6 | Rate per day for Local used 80 Km & 4.00 Hrs. | | | | |
| | 1.00 | (A) Innova A.C. | 2190 | Rs. Two Thousand One Hundred Ninety only | Km |
| | 1.00 | (B) Innova Non A.C. | 1970 | Rs. One Thousand Ninety Seven Only | Km |
| | 1.00 | ( C) Indigo A.C. | 1645 | Rs. One Thousand Six Hundred Forty Five only | Km |
| | 1.00 | (D) Indigo Non A.C. | 1425 | Rs. One Thousand Four Hundred Twenty Five only | Km |
| | 1.00 | (E) Tata Sumo Non A.C. | 1585 | Rs. One Thousand Five Hundred Eighty Five only | Km |
| | 1.00 | (F) Bolero Non A.C. | 1645 | Rs. One Thousand Six hundred Forty Five only | Km |
| | 1.00 | (G) EEco/Omini Non A.C. | 1370 | Rs. One Thousand Three Hundred Seventy Only | Km |
| | 1.00 | (H) Indica Non A.C. | 1095 | Rs. One Thousand Ninety Five only | Km |
| | | | | Total | |

## ટેન્ડર સાથે રજુ કરવાના દસ્તાવેજોનું ચેકલીસ્ટ

| | |
|---|---|
| ૧ | એજન્સીનું નોંધણીનું પ્રમાણપત્ર |
| ૨ | ગાડીની આર.સી. બુકની નકલ |
| ૩ | ગાડીની વિમા પોલીસીની નકલ |
| ૪ | પાનકાર્ડની નકલ |
| ૫ | અનુભવના દસ્તાવેજ |

**નોંધ :** ભાવ ભરનાર એજન્સીએ ફક્ત ઓન લાઇન મુકેલ ભાવપત્રકનું કોમર્શીયલ બીડમાં ભાવ ભરવાના રહેશે.

**Rs. Six Lacs Eighty Eight Thousand Nine Hundred Seventy only**

**I/we am/are willing to carry out the work at _________________% above/below percent (should be write in figure and words) of the estimated rates mentioned above. Amount of my/our tender works out as under.**

**Signature of Agency :-** **National Health Mission , Gandhinagar.**

**નેશનલ હેલ્થ મિશન, ગુજરાત**
**સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, બીજો માળ, ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર, જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ નજીક, સીવીલ હોસ્પીટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૨ ફોન/ફેક્સ નં ૦૭૯-૨૩૨૪૭૮૦૬**
**Email id : hr.health.spmu@gmail.com**

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત માસીક/દૈનિક ધોરણે જુદા જુદા પ્રકારના વાહનો પુરા પાડવા માટે રસ ધરાવતી એજન્સીઓ/સંસ્થાઓ પાસેથી ઓનલાઇન (ઇન્ટરનેટ મારફતે) ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ટેન્ડરોને તેઓનું ટેન્ડર ઇ-ટેન્ડર પ્રક્રિયા દ્વારા ભરવા જણાવવામાં આવે છે. ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ www.nrhm.gujarat.gov.in, www.gujhealth.gujarat.gov.in and www.nprocure.com પરથી વિનામુલ્યે ડાઉનલોડ કરી શકાશે.

ટેન્ડર ફોર્મ ડાઉનલોડની તારીખ(ઓનલાઇન): તા.૧૭/૦૪/૨૦૧૮ થી તા.૨૨/૦૫/૨૦૧૮ સમય ૧૫.૫૫ કલાક
પ્રી બીડ મીટીંગની તારીખઃ તા.૧૧/૦૫/૨૦૧૮ સમય ૩.૦૦ કલાક
ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ(ઓનલાઇન): તા.૨૨/૦૫/૨૦૧૮ સમય ૪.૦૦ કલાક સુધી
ફીઝીકલ બીડ સ્વીકરવાની છેલ્લી તારીખઃ તા.૨૨/૦૫/૨૦૧૮ સમય ૪.૦૦ કલાકે
ટેકનીકલ બીડ ખોલવાની તારીખ (ઓનલાઇન): તા.૨૩/૦૫/૨૦૧૮ સમય ૧૨.૦૦ કલાકે

Sd/-
મિશન ડાયરેક્ટર
નેશનલ હેલ્થ મિશન
ગાંધીનગર

## ઓન લાઇન વાહન ભાવ કરારની શરતો બાબતે પ્રિબીડ મીટીંગમા થયેલ સૂચનો અંગેની સ્પષ્ટતા

| ક્રમ | શરત | સ્પષ્ટતા |
|---|---|---|
| ૧ | જી.એસ.ટી સાથે કે તે સિવાય ચુકવણું કરવા વિશે | નેશનલ હેલ્થ મિશન ધ્વારા જી.એસ.ટી સાથે ચુકવણું કરવામાં આવશે. |
| ૨ | વાહનોની સંખ્યા ઓછામાં ઓછી કેટલી ? | સંસ્થા પાસે પોતાની માલિકીના ઓછામાં ઓછા ૨૦ વાહનો હોવા જોઇએ. |
| 3 | અન્ય શરતમાં શરત નં. ૪ માં તમામ પ્રકારના ટેક્ષ દર્શાવેલ છે. આવું શા માટે ? | જી.એસ.ટી./ટોલ ટેક્ષ અને પાર્કીંગ ટેક્ષનું ચુકવણું એનએચએમ અંતર્ગત કરવાનું રહેશે. એ સિવાના ટેક્ષ નકકી કરવામાં આવેલ એજન્સીએ ભરવાના રહેશે. |
| ૪ | શરત નં.૪ માં ટોલ ટેક્ષ ટેન્ડર રાખનાર એજન્સીએ ભરવાનો થાય તેવી શરત છે. તેમાં અગાઉના વર્ષના ટેન્ડરમાં બીલ સાથે ઓરીજનલ પંહોચ રજુ કર્યેથી એનએચએમની સંલગ્ન જે તે કચેરી તરફથી ચુકવણું કરવામાં આવતું હતુ તે મુજબ શરત ફેર કરીને ટોલ ટેક્ષ અને પાર્કીંગ ચાર્જ એજન્સીએ નહી પણ સરકારે ભોગવવાનું રહેશે. તેવી શરત રાખવી | શરત નં.૪ માં ટોલ ટેક્ષ ટેન્ડર રાખનાર એજન્સીએ ભરવાનો રહેશે નહી પરંતુ બીલ સાથે ઓરીજનલ પંહોચ રજુ કર્યેથી ટોલ ટેક્ષ અને પાર્કીંગ ચાર્જ એનએચએમની સંલગ્ન જે તે કચેરી તરફથી ચુકવણું કરવામાં આવશે. |

# <u>ઓન લાઇન વાહન ભાવ કરારની શરતો બાબતે પ્રિબીડ મીટીંગમા થયેલ સૂચનો અંગેની સ્પષ્ટતા</u>

| ક્રમ | શરત | સ્પષ્ટતા |
|---|---|---|
| ૧ | જી.એસ.ટી સાથે કે તે સિવાય ચુકવણું કરવા વિશે | નેશનલ હેલ્થ મિશન ધ્વારા જી.એસ.ટી સાથે ચુકવણું કરવામાં આવશે. |
| ૨ | વાહનોની સંખ્યા ઓછામાં ઓછી કેટલી ? | સંસ્થા પાસે પોતાની માલિકીના ઓછામાં ઓછા ૨૦ વાહનો હોવા જોઇએ. |
| ૩ | અન્ય શરતમાં શરત નં. ૪ માં તમામ પ્રકારના ટેક્ષ દર્શાવેલ છે. આવું શા માટે ? | જી.એસ.ટી./ટોલ ટેક્ષ અને પાર્કીંગ ટેક્ષનું ચુકવણું એનએચએમ અંતર્ગત કરવાનું રહેશે. એ સિવાના ટેક્ષ નકકી કરવામાં આવેલ એજન્સીએ ભરવાના રહેશે. |
| ૪ | શરત નં.૪ માં ટોલ ટેક્ષ ટેન્ડર રાખનાર એજન્સીએ ભરવાનો થાય તેવી શરત છે. તેમાં અગાઉના વર્ષના ટેન્ડરમાં બીલ સાથે ઓરીજનલ પંહોચ રજુ કર્યેથી એનએચએમની સંલગ્ન જે તે કચેરી તરફથી ચુકવણું કરવામાં આવતું હતુ તે મુજબ શરત ફેર કરીને ટોલ ટેક્ષ અને પાર્કીંગ ચાર્જ એજન્સીએ નહી પણ સરકારે ભોગવવાનું રહેશે. તેવી શરત રાખવી | શરત નં.૪ માં ટોલ ટેક્ષ ટેન્ડર રાખનાર એજન્સીએ ભરવાનો રહેશે નહી પરંતુ બીલ સાથે ઓરીજનલ પંહોચ રજુ કર્યેથી ટોલ ટેક્ષ અને પાર્કીંગ ચાર્જ એનએચએમની સંલગ્ન જે તે કચેરી તરફથી ચુકવણું કરવામાં આવશે. |